### નવસારીમાં અંદાજે ૧૫ મુખ્ય સ્થળોએ માટલાં મૂકીને તંત્ર ગરમી સામે તૈયારીના દાવા કરી રહ્યું છે

# માટલાંથી બુઝતી તરસ, વોટર મશીનો બંધ

**હીટ** વેવ સામે માટલાંની વ્યવસ્થા, જ્યારે લાખો રૂપિયાનો પેઈડ વોટર પ્રોજેક્ટ વર્ષોથી ઠપ્પ

**દૂધિયા** તળાવ વોટરવર્ક્સમાં ધૂળ ખાતા મશીનો, સરકારી નાણાંના વેડફાટ પર નાગરિકોમાં આક્રોશ




**'વિકાસ'નો ઢોંગ ઉઘાડો!**

નવસારી : નવસારી શહેરમાં ઉનાળાની આકરી ગરમી અને સંભાવિત હીટ વેવને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ જાહેર સ્થળોએ પીવાના પાણીના માટલાં મુકવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. શહેરના અંદાજે ૧૫ જેટલા મુખ્ય સ્થળોએ માટલાં મુકીને તંત્ર ગરમી સામે તૈયારીના દાવા કરી રહ્યું છે.

પરંતુ આ વ્યવસ્થાની સાથે જ શહેરમાં એક કડવો સવાલ ફરી ચર્ચામાં આવ્યો છે. લાખો રૂપિયાના ખર્ચે સ્થાપિત કરાયેલા પેઈડ વોટર મશીનો આખરે ક્યાં ગાયબ થઈ ગયા? થોડા વર્ષો પહેલા નાગરિકોને ઓછી કિંમતમાં શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય અને પાણીનો સંયમિત ઉપયોગ થાય તે હેતુથી શહેરના અનેક વિસ્તારોમાં આ મશીનો સ્થાપિત કર્યા હતા.

હકીકત એ છે કે આજે શહેરના ઘણા વિસ્તારોમાં આ મશીનો બંધ હાલતમાં છે, જ્યારે કેટલાક સંપૂર્ણપણે બિનઉપયોગી બની ગયા છે. મળતી માહિતી મુજબ મશીનો હાલમાં દૂધિયા તળાવ વોટરવર્ક્સ ખાતે ભંગાર જેવી હાલતમાં ધૂળ ખાતા પડ્યા છે. લાખો રૂપિયાના ખર્ચે ઉભા કરાયેલો આ પ્રોજેક્ટ આજે ઉપયોગ વિના પડ્યો હોવાથી તંત્રની કામગીરી અને આયોજન પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

#### સુવિધાઓ માત્ર કાગળો પર જ જીવંત

નાગરિકોમાં આ મુદ્દે ભારે અસંતોષ અને કટાક્ષ જોવા મળી રહ્યા છે. લોકો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે વિકાસના નામે યોજનાઓ શરૂ તો થાય છે, પરંતુ થોડા સમય પછી તેની જાળવણી તરફ તંત્રનું ધ્યાન જ રહેતું નથી. પરિણામે સરકારી નાણાંનો બેફામ વેડફાટ થાય છે અને સુવિધાઓ માત્ર કાગળો પર જ જીવંત રહે છે.

#### બિનજવાબદાર ખર્ચના જીવતા પુરાવા

ગરમીમાં માટલાં મુકવાની વ્યવસ્થા તાત્કાલિક રાહત આપી શકે છે, પરંતુ લાખો રૂપિયાના ખર્ચે ઉભા કરાયેલા પેઈડ વોટર મશીનો આજે ભંગાર બની ધૂળ ખાતા રહે તે નવસારી મહાનગરપાલિકાની કામગીરી પર મોટો પ્રશ્નચિહ્ન ઊભો કરે છે. હવે શહેરમાં સવાલ ઉઠી રહ્યો છે. શું આ મશીનો ફરી કાર્યરત થશે કે પછી તેઓ તંત્રની બેદરકારી અને બિનજવાબદાર ખર્ચના જીવતા પુરાવા બનીને જ પડ્યા રહેશે?

# વિરાવળ સ્મશાનમાં મફત ગેસ સેવા બંધ થવાની ઘંટડી

**ગુજરાત** ગેસની નોટિસ બાદ સ્મશાન ટ્રસ્ટમાં ચિંતા, ધારાસભ્યને હસ્તક્ષેપની વિનંતી

**સબસિડી** હટી જશે તો એક અંતિમ સંસ્કારનો ખર્ચ રૂ.5000 સુધી પહોંચવાની આશંકા

નવસારી : ગુજરાત ગેસ લિમિટેડ (GGL) દ્વારા નવસારી નજીક આવેલા વિરાવળ સ્મશાનગૃહને પાઠવાયેલી નોટિસમાં વિનામૂલ્યે મળતી ગેસ સહાય બંધ કરવાની જાણ કરવામાં આવી છે.

વિરાવળ સ્મશાનભૂમિમાં અંતિમ સંસ્કાર માટે ઉપયોગમાં લેવાતા ગેસનો ખર્ચ 'સેતુ' સંસ્થા દ્વારા CSR યોજના હેઠળ ચૂકવવામાં આવતો હતો. પરંતુ હવે નવી ગેસ સહાય નીતિ અમલમાં મૂકવામાં આવી રહી છે, જેના કારણે આવનારા વર્ષોમાં આ સહાય ધીમે ધીમે બંધ થવાની શક્યતા છે.

વર્ષ 2025-26 દરમિયાન ગેસ ખર્ચની સંપૂર્ણ જવાબદારી SETU સંસ્થા ઉઠાવશે. ત્યારબાદ વર્ષ 2026થી 2029 દરમિયાન ટ્રસ્ટનો ફાળો દર વર્ષે 25 ટકા પ્રમાણે વધતો જશે. અંતે વર્ષ 2029-30થી ગેસનો સંપૂર્ણ ખર્ચ સ્મશાન ટ્રસ્ટે જ ભોગવવાનો રહેશે.

ટ્રસ્ટી શૈલેષ માલીએ આ મુદ્દે ધારાસભ્ય રાકેશ દેસાઈને પત્ર લખીને મધ્યસ્થી કરવાની વિનંતી કરી છે.

#### પર્યાવરણ પર અસર પડશે

સ્થાનિકોનું માનવું છે કે ગેસ સહાય બંધ થશે તો અંતિમ સંસ્કારનો ખર્ચ ભારે વધશે. એક મૃતદેહના અગ્નિસંસ્કારનો ખર્ચ ભવિષ્યમાં 5000 સુધી પહોંચી શકે છે, જે સામાન્ય પરિવારો માટે ભારે સાબિત થઈ શકે છે. સ્મશાન ટ્રસ્ટના જણાવ્યા મુજબ ગેસ મોંઘો બનશે તો તેની અસર પર્યાવરણ પર પણ પડશે. ગેસના બદલે લોકો ફરી પરંપરાગત લાકડાના ઉપયોગ તરફ વળી શકે છે, જેના કારણે વૃક્ષોની કાપણી વધવાની શક્યતા રહેશે.

#### ગરીબ અને સામાન્ય પરિવારો માટે મુશ્કેલીઓ ઉભી થવાની ભીતિ

વિરાવળ સ્મશાનગૃહનો ઉપયોગ નવસારી શહેર ઉપરાંત આસપાસના લગભગ 30 જેટલા ગામોના લોકો કરે છે. દરરોજ સરેરાશ 15થી 18 અંતિમ સંસ્કાર અહીં ગેસ આધારિત પદ્ધતિથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં ગેસ સહાય બંધ થવાથી ગરીબ અને સામાન્ય પરિવારો માટે મુશ્કેલીઓ ઉભી થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે.

# લુન્સીકૂઇ મેદાનમાં રમતગમતને મહત્વ, કોમર્શિયલ કાર્યક્રમો નહીં

**કેન્દ્રીય** મંત્રી સી.આર. પાટીલના હસ્તક્ષેપ બાદ તંત્રને કડક સૂચના

**મેદાનની** જાળવણી અને ખેલાડીઓને પ્રેક્ટિસ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરાશે

નવસારી : નવસારીના લુન્સીકૂઇ મેદાનના ઉપયોગ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આ મેદાનમાં વ્યાવસાયિક અને કોમર્શિયલ કાર્યક્રમો યોજવા પર નિયંત્રણ મૂકવામાં આવશે અને મેદાનનો ઉપયોગ મુખ્યત્વે રમતગમત પ્રવૃત્તિઓ માટે જ થાય તે સુનિશ્ચિત કરવા તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા સંબંધિત અધિકારીઓને આ બાબતે કડક આદેશ આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

છેલ્લા ઘણા સમયથી લુન્સીકૂઇ મેદાનમાં વિવિધ પ્રકારના વ્યાવસાયિક અને કોમર્શિયલ કાર્યક્રમો યોજાતા રહ્યા હતા. જેના કારણે મેદાનની સપાટી પર અસર પડતી હતી અને સ્થાનિક ખેલાડીઓને પ્રેક્ટિસ માટે પૂરતી જગ્યા મળતી ન હતી. આ પરિસ્થિતિને લઈને સ્થાનિક નાગરિકો અને રમતગમત સાથે જોડાયેલા લોકોમાં નારાજગી જોવા મળી રહી હતી.

આ મુદ્દે શહેરના વડીલ કેરસી દેબુ તથા અન્ય રમતગમત પ્રેમીઓ દ્વારા કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત દરમિયાન મેદાનની હાલત, ખેલાડીઓને પડતી મુશ્કેલીઓ અને સ્થાનિક લોકોની લાગણી અંગે મંત્રીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

રજુઆત સાંભળ્યા બાદ સી.આર. પાટીલે તાત્કાલિક સંબંધિત અધિકારીઓ સાથે ટેલિફોનિક ચર્ચા કરી અને મેદાનમાં બિનજરૂરી વ્યાવસાયિક પ્રવૃત્તિઓ બંધ કરવા સૂચના આપી. સાથે સાથે મેદાનની યોગ્ય માવજત અને જાળવણી કરવા પણ તંત્રને આદેશ આપવામાં આવ્યા છે.

સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, "લુન્સીકૂઇ મેદાન નવસારી શહેરની મહત્વપૂર્ણ ધરોહર છે. તેનો ઉપયોગ મુખ્યત્વે રમતગમત માટે જ થવો જોઈએ." નાગરિકોની ચિંતા વ્યાજબી હોવાનું જણાવી તેમણે તંત્રને આ બાબતે જરૂરી પગલાં લેવા જણાવ્યું છે.

આ નિર્ણય બાદ નવસારીના નાગરિકો અને રમતગમત જગત સાથે જોડાયેલા લોકોમાં સંતોષ જોવા મળી રહ્યો છે. શહેરના અગ્રણીઓએ પણ આ નિર્ણયને આવકારતા જણાવ્યું છે કે આ પગલાથી હવે ઉગતા ખેલાડીઓને પ્રેક્ટિસ માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહેશે.

# પારડીની હોસ્પિટલમાં ફાયર સેફ્ટી મોકડ્રિલ યોજાઈ

**આગ** જેવી કટોકટીમાં દર્દીઓની સુરક્ષા માટે તંત્ર સજ્જ, ઇમરજન્સી સંકલન અને બચાવ કામગીરીનું નિદર્શન કરાયું



અમૃત પટેલ

પારડી: હોસ્પિટલમાં આગ જેવી આકસ્મિક પરિસ્થિતિ વખતે સ્ટાફની સજ્જતા ચકાસવા અને દર્દીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના હેતુથી પારડી હોસ્પિટલ ખાતે 'ફાયર સેફ્ટી મોકડ્રિલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. પારડી નગરપાલિકાના ફાયર વિભાગના વિશેષ સહયોગથી યોજાયેલી આ કવાયતમાં હોસ્પિટલના સ્ટાફને કટોકટીના સમયે લેવાતા ત્વરિત પગલાં અંગે સઘન તાલીમ આપવામાં આવી હતી.

આ મોકડ્રિલ દરમિયાન ફાયર એલાર્મ સક્રિય કરવા, દર્દીઓને સુરક્ષિત સ્થળે ખસેડવા (Evacuation), ફાયર એસ્ટિંગ્યુઈશરનો પ્રાયોગિક ઉપયોગ અને ઈમરજન્સી સેવાઓ સાથેના સંકલન જેવા મહત્વના મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. એમ.એમ. કુરેશીના સીધા માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ કવાયતમાં વિવિધ વિભાગના તબીબો, નર્સિંગ સ્ટાફ, વહીવટી અધિકારીઓ અને અન્ય સહાયક કર્મચારીઓએ સક્રિયપણે ભાગ લઈ વાસ્તવિક પરિસ્થિતિ જેવો અનુભવ મેળવ્યો હતો.

આ અભ્યાસ દ્વારા હોસ્પિટલની હાલની ફાયર સેફ્ટી વ્યવસ્થાનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

હોસ્પિટલ મેનેજમેન્ટે જણાવ્યું હતું કે, દર્દીઓ અને મુલાકાતીઓ માટે સલામત આરોગ્ય સેવા પૂરી પાડવા આવી સુરક્ષા કસરતો અનિવાર્ય છે. અંતમાં, હોસ્પિટલ પ્રશાસન દ્વારા પારડી નગરપાલિકા ફાયર વિભાગનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી મનપાનું સતત બીજું બજેટ વહીવટદાર દ્વારા સોમવારે રજૂ થશે

વાપી : વાપી મહાનગરપાલિકાના ગઠન બાદ બીજું બજેટ સોમવારે વાપી મનપાના વહિવટદાર તેમજ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા વાપી મનપાના સભાખંડમાં રજૂ કરશે. ત્યારબાદ આ બજેટ અંગેની જોગવાઈઓ તેમજ બજેટ અંગે વાપી મનપાના કમિશનર યોગેશ ચૌધરી વિસ્તૃત સમજ આપશે. વાપી મહાપાલિકાની રચના થયા બાદ વાપી મનપાનું આ બીજું બજેટ છે. જોકે હજી ચૂંટણી થઇ નહીં હોવાથી સતત બીજા વર્ષનું બજેટ પણ વહિવટદાર દ્વારા રજૂ થશે. જોકે બજેટ માટે મનપા કમિશનર યોગેશ ચૌધરીએ લોકોના સૂચન મગાવીને બજેટને તૈયાર કર્યું છે. આ ઉપરાંત મનપાના અધિકારીઓ તેમજ કર્મચારીઓ સાથે બેઠક કરીને તેમના પણ સૂચનો જાણ્યા હતા. આ અભિગમ બતાવે છે કે મ્યુન્સિપલ કમિશનર લોકોના પ્રશ્નો તેમજ સમસ્યાઓના ઉકેલ માટે કેટલા તત્પર છે.

### ખેરગામ તાલુકામાં રૂપિયા 20.40 લાખના ખર્ચે પાંચ વિકાસકામોનાં ખાતમુહૂર્ત



ખેરગામ : ખેરગામ તાલુકામાં મંગળવારે રૂપિયા ૨૦.૪૦ લાખના ખર્ચે પાંચ વિકાસ કામોનો પ્રારંભ કરાયો હતો. જેમાં આછવણી મુખ્ય પ્રાથમિક શાળામાં કમ્પાઉન્ડ વોલ, પણજ સ્મશાનભૂમિમાં લાકડા મુકવા માટે રૂમની સુવિધા ઉભી કરાશે. જેને કારણે મૃતક સ્વજનની અંતિમવિધિ માટે આવતા ડાઘુઓને ચોમાસામાં લાકડા પલળી જવાની સમસ્યાઓથી છુટકારો મળશે. આ ઉપરાંત ખેરગામ, સરસીયા ફળીયામાં આંતરિક માર્ગ, રાઘવા ફળીયામાં ડામર માર્ગ થકી આંતરિક માર્ગોની કાયાપલટ કરાશે. ગામડાંના વિકાસ માટે મજબૂત માર્ગવ્યવસ્થા અને સુવિધાસભર પંચાયત ભવન અનિવાર્ય છે. આવા આધારભૂત માળખા ગામના આર્થિક અને સામાજિક પ્રગતિના પાયા સમાન છે. માર્ગોના નિર્માણ અને રિસરફેસિંગથી ગ્રામજનોની અવરજવર સરળ બનશે. આ પ્રસંગે ખેરગામ ભાજપ પ્રમુખ લિતેશ ગાંવિત, તાલુકા પંચાયત પ્રમુખ રાજેશ પટેલ, મહામંત્રી ચેતન પટેલ, વિજય રાઠોડ, આછવણી સરપંચ રમણ પટેલ, પણજ સરપંચ જયશ્રી પટેલ, વડપાડા સરપંચ પંકજ નાયક, વાવનાં રણેશભાઇ અને નિલેશભાઇ, ખેરગામનાં મુકેશ પટેલ, જીગ્નેશ પટેલ અને આછવણીનાં ભગુભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

# વલસાડ-ડાંગમાં ૧૦,૭૦૦ બાળકો કુપોષિત

**વિધાનસભાના** ચાલુ બજેટ સત્રમાં ધારાસભ્યના સવાલોથી સરકાર ઘેરાઈ

**આદિવાસી** વિસ્તારોમાં પૌષ્ટિક આહારના અભાવે સ્થિતિ ચિંતાજનક

સાપુતારા : ગુજરાત વિધાનસભાના ચાલુ બજેટ સત્ર દરમિયાન દક્ષિણ ગુજરાતના આદિવાસી બહુલ વિસ્તારોમાં પ્રવર્તતા કુપોષણના મુદ્દે વિપક્ષ દ્વારા સરકારને ઘેરવામાં આવી હતી. ૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રજૂ કરાયેલા આંકડા મુજબ, વલસાડ અને ડાંગ જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યાએ વહીવટી તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગૃહમાં રજૂ થયેલી વિગતો અનુસાર, ડાંગ જિલ્લામાં કુલ ૩,૨૨૦ અને વલસાડ જિલ્લામાં ૭,૪૮૭ બાળકો કુપોષણનો શિકાર છે. ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં ૧,૬૪૮, સુબિરમાં ૯૫૭ અને વઘઈમાં ૬૧૫ બાળકો કુપોષિત નોંધાયા છે. વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે ગૃહમાં આક્રમક રજૂઆત કરતા જણાવ્યું હતું કે, અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં બાળકોને પૂરતો પૌષ્ટિક આહાર મળી રહ્યો નથી અને સરકારના દાવાઓ જમીની હકીકતથી વેગળા છે.

સામે પક્ષે મહિલા અને બાળ વિકાસ મંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર કુપોષણ નાબૂદી માટે કટિબદ્ધ છે. છેલ્લા એક વર્ષમાં વલસાડમાં ૧૦,૨૮૯ અને ડાંગમાં ૧,૮૮૦ બાળકો કુપોષણમુક્ત થયા છે. સરકાર દ્વારા આંગણવાડીઓ મારફતે ફોર્ટીફાઈડ સુપોષિત આહાર અને જન્મથી ૧૦૦૦ દિવસ સુધીની વિશેષ કાળજી લેવામાં આવે છે. જોકે, કપરાડા, ધરમપુર અને આહવા જેવા અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ આંકડા ઊંચા હોવાથી સામાજિક સંસ્થાઓ વધુ નક્કર કામગીરીની માંગ કરી રહી છે.

# પારડીના પરિયામાં યુવાનનો આપઘાત, દોઢ વર્ષની બાળકીએ પિતાની છત્રછાયા ગુમાવી



પારડી : પારડી તાલુકાના પરિયા ગામે મોરા ફળિયામાં રહેતા ૨૯ વર્ષીય પરિણીત યુવાન રિંકલભાઈ રાજુભાઈ રોહિતે ગતરોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને આસપાસના લોકો દોડી આવ્યા હતા. રિંકલભાઈના આકસ્મિક નિધનથી પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. આ કરુણ ઘટનાને પગલે તેમની દોઢ વર્ષની માસૂમ દીકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે. મૃતકની માતા આશાબેન રોહિતે આ અંગે પારડી પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી.


**ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ**
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**મોતીયાનુ ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**સરળ Bank Loan**
કરાવી આપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (890)

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**રોશનીશિવ ટ્રાવેલ્સ**
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્વાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

**રોયલ ભુતાન.**
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન.ઉ.તારીખ: 22-05-26.જાણીતું અને અનુભવી નામ: બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્ક: 9429507723.JOY N JOY TRAVELS.

**નોકરી વિષયક**

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડક્ટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**વેચાણથી આપવાનું છે**
સેટેલાઇટ બંગ્લોઝ માં સંપૂર્ણ હવા ઉજાસ વાળું
3BHK વીલા
પ્લોટ સાઈઝ : 236 ચો.વાર
બાંધકામ : 3000 ફુટ
ગ્રાઉન્ડ + 1 (સેમી ફર્નીશ્ડ)
વધુ વિગત અને વિઝીટ માટે સંપર્ક કરો
9724230670

**જોઈએ છે**
રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (894)

**Wanted Teacher**
(Hindi and English medium) Science Std 9 & 10, and 11 & 12 account, Statistic, Economics, B.A and S.P Contact: Sarvoday Vidyalay, Ved Road, Bahuchar Nagar, Surat, Mo: 9879039064

**ફ્લેટો વેચવાના છે**
અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા
'માસ્તર્સ ડ્રીમસ્કેપ'
એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો
મો.૯૮૨૪૧૧૨૮૬૮

**જોઈએ છે**
(1) આઈ ટેસ્ટીંગ માટે OPTOMETRIST (એપ્ટોમેટ્રિસ) (2) ચશ્માની લાઈનના જાણકાર સેલ્સમેન સંપર્ક: 9638954442 (892)

**મિલ્કત ભાડેથી**

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**પ્રોપટી વેચવાની છે**
બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ
જતીન શાહ
9227905111

**લગ્ન વિષયક**

**લગ્ન વિષયક**
કેનેડાનાં રહેવાસી (સીટીઝન) યુવક માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય. ગણપતભાઈ જી. મૈસુરિયા મો. ૯૦૯૯૦૩૭૦૪૯ (891)

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
તમારો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઇ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**સુરત નિવાસી**
એકલા રહેતા અપરણિત બ્રાહ્મણ ઉમર વર્ષ 72 નિવૃત પેન્સનર માટે જીવનસાથી જોઈએ છે. અપરણિત, છુટાછેડા, વિધવા ચાલશે (જ્ઞાતિબાધ નથી) 8849938284 (893)

**સુરત રહેતી**
32 વર્ષની જૈન એજ્યુકેડ યુવતી માટે બિઝનેસ ફેમીલીના યુવકના આવકાર્ય 9512318416

**વાહન લે-વેચ**

**છોટા હાથી વેચવાનો**
છે અથવા ૫ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. માલિક કેનેડા જવાનું હોવાથી તાત્કાલિક તસ્દી લેવી, માર્કેટ તથા 30% ઓછા ભાવે ફ્લેટ આપવાના છે 3 રૂમ કીચન, 4000 સ્કેવરફીટ રાંદેર રોડ ઉપર વિજય સેલ્સની સામે આપવાના છે તથા 500 સ્કેવર ફીટની ઓફિસ આપવાની છે તથા પાલનપુર પાટીયા 4 માળની મેઈનરોડ ઉપર કોર્મશિયલ ઓફિસ આપવાની છે. મોઃ 9426152570 (888)

**મિલ્કત લે-વેચ**

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

**મિલ્કત વેચવાની છે**

**અડાજણ મા જમનાદાસ**
ઘારીવાળાની સામે ની ગલીમાં જુનુ રો હાઉસ કોર્નરનું વેચાણમાં આપવાનું છે. 165 વાર 1- 20 CR (દલાલ માફ) 9875085968 (889)

**ઓલપાડ સાયણ રોડ**
પર આવેલ શિવશક્તિ રેસીડેન્સીયલમાં પ્લોટ ફાયદામાં અરજન્ટ વેચવાનો. 6354771821

**નવસારી શહેરનાં**
તાલુકા જલાલપોરના મોજે ગામ દિપલામાં આવેલ ગ્રીન ઓશનવે રેસીડેન્સીયલમાં પ્લોટ સસ્તામાં વેચવાનો 6354771821

**વેચવાનું**
એક્યુપ્રેશર બેડ સેન્ટર માત્ર 3 લાખમાં. વાર્ષિક આવક 12 લાખ. 9428533365

**મોરા (હજીરામાં)**
લેબર- સુરવાઈઝરને રહેવા લાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**700 વાર બંગલાનો**
પ્લોટ આદર્શ અને નર્મદનગર સોસાયટી ઘોડદોડ રોડ મા વેચવાનો છે 9376959013

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
**M. 9879663828**
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*